# તફાદી

તફાદી - એ અરબી ઝબાનના લફઝ-મૂળ 'ફિદા' માંથી નીકળે છે. જેને મુમીનીન અકસર પોતાની બોલીમાં વાપરતા હોય છે. એનો અર્થ થાય છે બિનશરતી કુરબાની. તફાદી નો લફઝ હજી ફક્ત "ખિદમત" કરવી એના કરતાં વ્યાપક હજી ઘણો ઉચ્ચ અને (ઘણી બધી ચીઝોને આવરી લેતો છે.) કેમકે 'ખિદમત' કરવાના એવઝમાં કેટલીક પ્રમાણીય વસ્તુઓ તશરીફ હાંસિલ થતી હોય છે જેવી કે, ટાયટલો, દરજજા, ઓળખ અને શાખ વગેરે જ્યારે કે તફાદી એ બિનશરતીય કુરબાની છે જે એક ખાલિસ મોહબ્બત અને લાગણીમાંથી પરિણમે છે જેને વળતરમાં કશું જ ખપતું નથી.

આપણે હંમેશા સાથે મળીને પઢતા હોઇએ છે, "લાખો જાં થી ફીદા થઇ જાઉં લાખો શુક્રના સજદા બજાઉ" પણ શું આપણાં એ અલફાઝો અમલમાં પરિણમતા હોય છે ? તો, આજે પોતાનામાં નઝર કરવાના દિવસો છે અને આ "અય્યામુલ તઅબ્બુદાત" થી બહેતર બીજા ક્યા દિવસો હોય શકે ! જેમાં અગર કોઇ શખ્સ દિલના ખુલુસથી પોતાના મકસદ તરફ જતો હોય તો એને જરૂર એના મુશ્ફિક બાવા સૈયદના મોહમ્મદ બુરહાનુદદીનની નઝરાતે રહીમાના અને દોઆ મુબારક મળી જ જાય જો કે કથની ને કરણીમાં તબદીલ કરવું એ ઘણો મુશ્કિલ પ્રસ્તાવ છે તો પણ અય્યામુ ત્તઅબ્બુદાતના આ દિનોમાં જો આપણી કોશિષો સચ્ચી વલાયત અને મઅરેફતથી મુતઅસ્સિર હોય તો ખરેખર, પ્રવાન ચઢશે જ.

આ "તફાદી" ના ખુલ્કે અહસનને આપણામાં કેળવવા માટે અને એના પર કેન્દ્રિત રહી અપની તરક્કીને માપવા માટે આપણે સામાન્યતઃ કેટલાંક લક્ષ્યાંકો નક્કી કરતા હોઇએ છીએ.

અખ્બાર એ અન્વાર છે જે રોશની આપે છે. તવારીખના પન્નાઓમાં નઝર કરીએ તો જણાઇ આવશે કે ઘણાં આપણાં જેવાં મુમીનીનએ સચ્ચી તફાદીના ના સબબ, વલાયતના સબબ ઘણું આદરણીય સ્થાન અને રૂહાની સુકુન અને આખેરતમાં રૂહાની મન્ઝેલત હાંસિલ કીધા છે. એ તફાદી કે જેનાથી એ સઘલાએ પોતાના મૌલાની ખિદમત કીધી અને પોતાની અકીદતમંદી વાસ્તે કુરબાની આપી એ અપના સઘણા વાસ્તે એક પ્રેરણારૂપ સબક છે.

શરૂઆતમાં ઇસ્લામને કબૂલ કરનારાઓ ઘણાં ઉમદા મૂળના અશખાસોએ, કુરેશના કફિફારો જે રસુલુલ્લાહ (સ.અ.) ના મુખાલિફો હતા, એના હાથે ઘણાં ઝુલ્મોસિતમ સહન કીધાં છે.

'રમાદહ' ની ટેકરી પર "બાથા" નામની જગ્યા એ લોકોના ઘાતકી અને શદીદ ઝુલ્મો સિતમની ગાથા છે. ઇસ્લામના પહેલાં મુઅઝઝીન 'બિલાલ' ને રોજ એના માલિક ઉમૈયા - જે ખલ્ફ નો છોકરો હતો, એ આ બાથાની જગ્યા પર લઇ જતો અને ભરબપોરે સૂરજ એની ગરમીની ઓજ પર હોય ત્યારે એને ખુલ્લી પીઠ કરી સૂરજના સામે એનો ચેહરો રાખી એની છાતી પર પથ્થર બાંધી ઊભો રાખી કહેતો, "કે તૂ આ રીતે જ ઉભો રહે જ્યાં સુધી તૂ મરી જાય અથવા તો રસુલુલ્લાહ (સ.અ.) ની હિદાયતને છોડી દે."

ત્યારે બિલાલ ક્રૂર કુરેશને જવાબ આપતાં કે, "હું મારી ફેમીલી સાથે, મારા ફરઝંદો સાથે, મારા ફરઝંદો સાથે રહેવાનો ઇરાદો નથી કરતો આ શરત પર કે મોહમ્મદ (સ.અ.) નો વાળભી વાંકો થાય."

આ બિલાલની તફાદી હતી જે એક આમ્મતનાસમાંથી હતાં, જે એક તફાદીની આલા મીસાલ કાયમ કીધી.

જ્યારે રસુલુલ્લાહ (સ.અ.) મક્કા મોઅજઝામાંથી હિજરત કરી મદીના પહોચા ત્યારે આપ યે એક એવું અમલ કીધું કે જેનો તવારીખમાં જોટો જડવો મુશ્કેલ છે. આપ યે મદીનાના લોગો - અન્સાર ને ભેગાં કીધા અને એ સઘલાને વો માહાજેરીન સોંપા કે જે સઘલાએ પોતાનો સરસામાન અને રોઝી રોટી ગુમાવી બેઠાં હતાં.

આ તે વખતના અન્સારની તફાદી હતી જે આપણાં જેવાં આમમતુન્નાસ હતા કે જેના પાસે મોટું દિલ હતું નહી કે ધનદૌલત.

આમ આના જેવા કેટલાંય દાખલાઓ અને પ્રસંગો છે કે જે રસુલુલ્લાહહના એહલે બૈતની જિંદગીમાંથી તારવી શકાય છે.

ઇમામ હુસેન અ.સ. ની આખેરી કરબલાની સફર આવી કાંઇક મિસાલોથી ભરેલી છે જેમાં ઇમામ હુસેન અ.સ.ના અસ્હાબોએ અનોખી હિંમત અને પોતાની અઝીદતમાં શકીદીમાં અનોખી મઝબૂતી બતાવેલી છે.

કરબલાની સફર દરમ્યાન ઇમામ હુસેન અ.સ. ઝોહેર બિન કૈનને બોલાવે છે જે એક બીજા કાફલા સાથે જઇ રહ્યા હતા. ઇમામ હુસેનના કાસિદએ ઝોહેરને નિદા દીધી ત્યારે આપ બપોરનું જમણ તનાવુલ કરી રહ્યા હતા. આપ તરત જ થાલ પરથી ઊઠી ગયા અને ઇમામહુસેન અ.સ. ની હઝરતમાં હાઝિર થયાં.

આપ તરતજ કરબલાના કાફલામાં જોડાય છે આપ પાછાં પોતાના કાફલામાં જઇને પોતાના ઝવજાને પૂરતો તોશો આપીને તલ્લાક દે છે અને પોતાનો સર સામાન આપના ફેમીલીમાં વિતરણ કરી આપે છે અને ખુદાની રાહમાં શહીદ થવા ફૌરન ઇમામ હુસેન અ.સ. ના કાફલામાં ધસી આવી જોડાઇ જાય છે.

આશુરાની રાતે ઇમામહુસેન અ.સ. પોતાના અસ્હાબે કિરામને-એહલે બૈતને જમા કરી એક ઘણા હૃદયસ્પર્શી ખુત્બા પઢી સઘલાને પોતાને અકેલા છોડી દેવા અને યઝીદ અને એના ખોંધિયાઓ સાથે એકલા હાથે લડી લેવા ફરમાવે છે.

અપન મુમીનીનને ખબર જ છે કે એ સઘલાં શું જવાબ આપે છે અબ્બાસ અલમદાર અ.સ. ની અલમબરદારીમાં દરેક જણ ઉભા થાય છે અને કહે છે કે "મૌલા સો વાર મરીએ ને સો વાર પેદા થઇએ તો ભી અમે આપનો દામન નહીં છોડીએ."

આ છે તફાદીનો વ્યાપક અર્થ.

આપણી ફાતેમી દાવતમાં આવા અસંખ્ય પ્રસંગો છે જેમાં આપણી કીર્તિવંત તવારીખ આવા વિનમ્ર સેવકોની 'તફાદી' થી ઝળહળી રહી છે.

ચાલો, આપણે આકા મૌલા (ત.ઉ.શ.) ની ખિદમત 'તફાદી' થી કરીએ અને આપણી રોજીંદી ઝિંદગીમાં આ ઉમદા સદગુણને આચરણમાં મૂકીએ.

ખુદાતઆલા આપણા આ શરીફ બાવા કે જે ઇમામુઝઝમાન પર નવજવાન બનીને નિહાયત તફાદીના સાથે જાંના નિસારી કરી રહ્યા છે, એને સેહતો આફિયતમાં તા રોઝે કયામત બાકી રાખે.

આમીન...

**અબ્દે સૈયદના (ત.ઉ.શ.)**
**અસગર ફખરૂદદીન**
www.hikmaah.com

*Gujarati Translation by :*
***Bhai Mohammad Rangoonwala***
**Kolkata**